ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology
Government of Gujarat

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 08th October, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.....,
ભાવનગર.

વિશ્વ વિદ્યાર્થી દિવસ અંતર્ગત
"આત્મનિર્ભર ભારત અને ડો. એ.પી.જે. અબ્દુલ કલામ" વિષય પર વ્યાખ્યાનનું આયોજન.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

અવકાશ વિજ્ઞાન ક્ષેત્રના પોતાના યોગદાન માટે વિશ્વ પ્રસિદ્ધ વૈજ્ઞાનિક અને શિક્ષક તેમજ 'મિસાઈલ મેન' તરીકે વિખ્યાત ડૉ. અબ્દુલ કલામ, જેઓએ ૨૦૦૨ થી ૨૦૦૭ દરમિયાન ભારતના રાષ્ટ્રપતિ તરીકે પણ ફરજ અદા કરેલ છે. આપણે સૌ જાણીએ છીએ કે તેઓ વિદ્યાર્થીઓને ખુબ ચાહતા હતા, પોતાના અંતિમ શ્વાસ સુધી તેઓ વિદ્યાર્થીઓને પ્રેરણાં આપતા રહ્યા. ભણતરના પ્રખર હિમાયતી ડો. કલામે પોતાના જીવનમાં પણ ઘણા બધા પ્રકારના સંઘર્ષોનો સામનો કર્યો હતો. તેઓનું માનવું હતું કે વિદ્યાર્થીઓ દેશના ઉજ્જવળ ભવિષ્ય માટેની ચાવી છે, સાથોસાથ તેમનું જીવન વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી છે. તેઓનું વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી વાક્ય હતું કે "આપણા બધામાં સમાન પ્રતિભા નથી, પરંતુ આપણા બધા પાસે પ્રતિભા સુધારવા માટે સમાન તક છે."

૧૫ ઓક્ટોબર ડો. અબ્દુલ કલામના જન્મ દિવસને સંયુક્ત રાષ્ટ્રએ ૨૦૧૦થી 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે ઉજવવાનું નિર્ધારિત કરેલ છે. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ ૧૦માં વિશ્વ વિદ્યાર્થી દિવસ નિમિત્તે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વેબિનારનું આયોજન કરવામાં આવેલ છે. વૈજ્ઞાનિક ડૉ. અરવિંદ સી. રાનડે દ્વારા 'આત્મનિર્ભર ભારત અને ડો. એ.પી.જે. અબ્દુલ કલામ' વિષય પર જ્ઞાનપિપાસુઓ માટે માહિતીસભર વ્યાખ્યાનમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ તા.૧૪-૧૦-૨૦૨૦ સુધીમાં પોતાના નામની નોંધણી www.krcscbhavnagar.org / upcoming events પર કરવાની રહેશે. વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : 8866570111 પર સંપર્ક કરી શકાશે.

8/10/2020
5:30 PM

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.